**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૭૮ ટકા

# શહેરમાં શાકભાજીના ભાવ આસમાને

## ગૃહિણીઓ અઠવાડિયામાં બે દિવસ કઠોળ બનાવીને કામ ચલાવી રહી છે





| શાકભાજી | ભાવ રૂપિયામાં (૧ કિલો) |
|---|---|
| દુધી | ૬૦ |
| ભીંડા | ૫૦ |
| ગવાર | ૧૨૦ |
| બટાકા | ૨૦ |
| ડુંગળી | ૬૦ |
| કોબી | ૫૦ |
| ફલાવર | ૧૨૦ |
| ટીંટોળા | ૧૨૦ |
| ટામેટા | ૮૦ |
| મરચાં | ૫૦ |
| આદુ | ૧૫૦ |
| લીંબુ | ૧૨૦ |
| લસણ | ૧૭૦ થી ૨૦૦ |

ગાંધીનગર, તા.૯

શહેરમાં વરસાદ પ્રમાણસર થયો છે પરંતુ વરસાદના આવન જાવનથી ખેતીને અસર પડી છે. જેને લીધે શાકભાજીના પાકને નુકશાન થયું છે. પરિણામે સમયસર શાકભાજીની જરૂરિયાત માર્કેટમાં પુરી ન થતા શાકભાજીના ભાવમાં વધારો થયો છે. માંગ પ્રમાણે શાકભાજીનો જથ્થો ઓછો હોવાથી અમુક શાકના ભાવમાં બમણો વધારો જોવા મળ્યો છે. શાકભાજી કિલોએ ભાવ ૬૦ રૂપિયાથી ૨૦૦ રૂપિયા સુધી પહોંચ્યા છે. તહેવારના દિવસોમાં શાકભાજીના ભાવો વધતાં નગરજનોને પરેશાની ભોગવવી પડી હતી.

આ વર્ષે પ્રમાણમાં વધુ વરસાદ થવાથી શાકભાજીના પાકને નુકશાન પહોંચ્યુ છે. જેનાથી શાકભાજીના પાકમાં ઘટાડો થયો છે. માર્કેટમાં માંગ મુજબ શાકભાજી ન હોવાથી ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. જેમાં ટમેટાનો ભાવ ૮૦ રૂપિયે કિલો અને આદુ ૧૫૦ રૂપિયે કિલો સાથે ડુંગળીનો ભાવ હજી ૬૦ રૂપિયા છે. લીંબુ જેવી જરૂરિયાત છે તેનો ભાવ ૧૨૦ રૂપિયા છે.

શહેરના શાકભાજીના વેપારીના કહ્યા મુજબ ભાવ વધારાનું કારણ વરસાદનું આવવું અને જવું છે. ભીંડાનો ભાવ ૩૦ રૂ. હતો જે ૪૦ થી ૫૦ રૂપિયે કિલો પહોંચ્યો છે. ગવારનો ભાવ ૧૬૦ રૂપિયા હતો જે હવે ૧૨૦ રૂપિયા થયો છે. વરસાદ વધુ હોવાથી વધ્યો હતો પરંતુ હવે ગવારની આવક વધી છે. વરસાદ પડવાથી ફલાવર સાથે અમુક પાક બગડી જવાથી એક મહિના પહેલાથી જ ભાવમાં વધારો જણાયો હતો. નવરાત્રીના તહેવાર દરમિયાન પણ વરસાદ નડયો હતો. સાથે શાકભાજીના પાકને પણ અસર થવાથી ભાવમાં વધારો થયો હતો. આમ, ભારે વરસાદને કારણે શાકભાજીના પાકને નુકશાન થવાથી શાકભાજીની આવક ઘટી છે અને માંગ વધુ હોવાથી ભાવ વધ્યા છે.

શહેરમાં ફ્રુટના ભાવથી વધુ શાકભાજીના ભાવ છે. ગૃહિણીઓ હવે શાકભાજીની જગ્યાએ બે દિવસ કઠોળ બનાવીને કામ ચલાવી રહી છે. સાથે શહેરના જયુસ સેન્ટરોમાં લીલા શાકભાજીના જયુસની જગ્યાએ ફ્રુટ જયુસ વધુ પ્રમાણમાં વેચાઈ રહ્યા છે.

### મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

● **વોર**
૮.૦૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૨૦, ૧૨.૨૦, ૧.૨૦, ૨.૪૦, ૩.૪૦, ૬.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૨૦, ૧૦.૨૦, ૧૧.૨૦

● **છીછોરે**
૪.૪૦

● **ડ્રીમગર્લ**
૪.૩૦

● **સાવેરા નરસીમ્મા રેડ્ડી**
૯.૩૦, ૧.૦૦, ૭.૨૦, ૧૦.૫૦

### ચિરવિદાય

● સ્વ. શાહ વિનોદચંદ્ર મણીલાલ, ઉ.વ. ૮૩
● સ્વ. ઠાકોર રોહિતકુમાર દશરથજી, ઉ.વ. ૨૬
● સ્વ. ઠાકોર શાંતાબેન સોમાજી, ઉ.વ. ૭૮
● સ્વ. શાંતાબેન જાદવજી પનારા, ઉ.વ. ૮૦
● સ્વ. પ્રતાપરાય ધનેશ્વર વ્યાસ, ઉ.વ. ૭૭

# ડેન્ગ્યુનો ભરડો સેકટર-૪, ૨૪ અને વાવોલ પર વધુ મજબુત

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરમાં હાલ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. બપોરે ગરમી તો સાંજે ઠંડીનો ચમકારો ગાંધીનગરાઓ અનુભવી રહ્યા છે. જેને પગલે શહેરમાં વાઈરલ બિમારી સહિત ડેન્ગ્યુના કેસ નોંધપાત્ર વધી રહ્યા છે. ડેન્ગ્યુના વધતા કેસને પગલે આરોગ્ય તંત્ર પણ ચિંતાગ્રસ્ત બની ગયું છે. શહેરની સિવિલમાં ગત અઠવાડીયમાં ડેન્ગ્યુના ૧૧૫ જેટલા કેસ નોંધાયા છે. જેમાં સેકટર-૪, ૨૪ અને વાવોલના દર્દીઓની સંખ્યા નોંધપાત્ર છે. જેને પગલે આરોગ્ય તંત્રની ટીમ ડેન્ગ્યુને કાબુમાં કરવા માટે કામે લાગી ગઈ છે.

સામાન્ય સંજોગોમાં વરસાદ બાદ રોગચાળાની પરિસ્થિતિ ઉભી થાય છે. વાઈરલના મચ્છરજન્યની સાથે પાણીજન્ય રોગચાળાના કેસ પણ આ દિવસોમાં વધુ જોવા મળે છે. હાલ શહેરમાં બેવડી સિઝન ચાલી રહી છે તેની વચ્ચે મેલેરીયા અને ડેન્ગ્યુના કેસ મોટી સંખ્યામાં ગાંધીનગર સિવિલમાં નોંધાયા છે. મચ્છરજન્ય ડેન્ગ્યુની બિમારીના દર્દીઓ રોજ બરોજ વધી રહ્યા છે. નાગરીકોને પોતાના ઘરની આસપાસ પાણી ભરાઈ ન રહે તે માટે તંત્ર દ્વારા સુચના પણ અપાઈ છે. મેલેરીયા, ટાઈફોઈડ, ચીકનગુનીયા, કમળા, સહિતના રોગ કરતા ડેન્ગ્યુના કેસ વધતા આરોગ્ય તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. શહેરના સેકટર-૪, ૨૪ અને વાવોલ વિસ્તારમાંથી ડેન્ગ્યુના દર્દીઓ વધુ જોવા મળતા સિવિલ દર્દીઓથી ભરચક જોવા મળી રહી છે. સેકટરો ઉપરાંત ન્યું ગાંધીનગરના કુડાસણ, રાયસણ, રાંદેસણ સહિતના સરગાસણ વિસ્તારના નાગરીકો પણ ડેન્ગ્યુથી પ્રભાવિત બન્યા છે. શહેરની ખાનગી હોસ્પિટલમાં પણ ડેન્ગ્યુના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ત્યારે વરસાદે વિરામ લીધો છે અને ગંદકી નહીવત જોવા મળી રહી છે. આકાશમાં ઉઘાડ નિકળતા હવે ડેન્ગ્યુના કેસમાં આગામી સમયમાં ઘટાડો નોંધાશે તેવું નિષ્ણાંતોનું કહેવુ છે.

# નવરાત્રી બાદ હવે શહેરના ખેલૈયાઓ માણશે 'ગ્રીન રાત્રી'...!!

## શનિવારે કુડાસણના નાગરાજ ફાર્મ ખાતે લાઈવ દાંડિયા-ગરબા નાઈટનું આયોજન ઈવેન્ટમાં જુના કપડાં સ્વીકારાશે જેની કાપડની થેલીઓ બનાવી વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૯

આદ્યશકિત મા જગદંબાની આરાધના પર્વ નવરાત્રીનું શહેરમાં રંગેચંગે સમાપન તો થઈ ગયું છે પરંતુ ખેલૈયાઓ હજુ પણ મોકો મળે તો ગરબે ઘુમવા થનગની રહ્યાં છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ગાંધીનગરના 'એક નંબર કલ્ચરલ ગૃપ' દ્વારા 'રાધે રાધે ગૃપ' અને 'વાવો રીવોલ્યુશન'ના સહયોગથી આગામી તા. ૧૨મી ઓકટોબરે સાંજે ૭ વાગ્યાથી કુડાસણના નાગરાજ ફાર્મ ખાતે 'લાઈવ ગ્રાન્ડ દાંડિયા એન્ડ ગરબા નાઈટ'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાણીતી વેબ સીરીઝ 'બસ ચા સુધી'ના અભિનેતા 'રૂહાન આલમ' ઉપસ્થિત રહેશે. આ સાથે આયોજનની ખાસિયત એ છે કે જે વડાપ્રધાનની 'સે નો ટુ સિંગલ યુઝ પ્લાસ્ટિક' અભિયાનને ટેકો આપશે જેના કારણે સમગ્ર ઈવેન્ટ 'ગ્રીન રાત્રી' સમાન બની રહેશે.

નવરાત્રી પછીની આ 'ગ્રીનરાત્રી' સમાન ઈવેન્ટમાં મુખ્ય મહેમાન પદે ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના સ્વચ્છતા અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર અભિનેતા જનક ઠકકર પણ ઉપસ્થિત રહી સપોર્ટ કરશે. આ 'લાઈવ ગ્રાન્ડ દાંડિયા એન્ડ ગરબા નાઈટ' માં ફરી એકવાર શહેરના ખેલૈયા રાસ ગરબાની ધૂમ મચાવવાની તક મેળવી શકશે અને આયોજકો દ્વારા આ કાર્યક્રમના એન્ટ્રી પાસ ખરીદનાર માટે નાસ્તા તથા ઠંડા પીણાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ સાથે ઈવેન્ટ દરમિયાન પ્લાસ્ટિકના રિસાયકલથી બનાવેલી ચીજવસ્તુ, કાગળનું રિસાયકલ કરીને બનાવેલી ચીજવસ્તુઓ, કાપડની થેલીઓ, મંદિરના ફુલોમાંથી બનાવેલ અગરબત્તી જેવી ચીજવસ્તુઓનું પ્રદર્શન વેચાણ પણ યોજાશે.

### પ્લાસ્ટિક-કાગળના કચરામાંથી રિસાયકલ કરેલી ચીજવસ્તુઓનું પ્રદર્શન-વેચાણ

ઈવેન્ટ દરમિયાન 'સિંગલ યુઝ પ્લાસ્ટિક'ના વપરાશને જાકારો આપવાના સંદેશ સાથે રી-યુઝ કરી શકાય તેવા વેસ્ટ પ્લાસ્ટિકમાંથી રિસાયકલ કરીને બનાવેલ ચીજવસ્તુઓ જેવી કે સ્કૂલ બેગ, ટીશર્ટ, કેપ તથા નકામા કાગળને રિસાયકલ કરી બનાવાયેલ પેન, પેન્સિલ, પુસ્તકો તેમજ પ્લાસ્ટિકના બદલે ઉપયોગ કરી શકાય તેવી થેલીઓ, મંદિરના નકામા ફુલોમાંથી બનાવાયેલ અગરબત્તીઓ, ખાતર જેવી અવનવી ચીજવસ્તુઓનું પ્રદર્શન તથા વેચાણ કરાશે. કાર્યક્રમ દરમિયાન બાયોડિગ્રેડેબલ ચીજવસ્તુઓનો જ ઉપયોગ કરાશે તેવું જણાવતા આયોજકોએ કહ્યું છે કે 'દરેક ખેલૈયા-દર્શકો પોતાના ઘરેથી વપરાશમાં ના હોય તેવા જૂના વસ્ત્રો લઈને આવે જેમાંથી કાપડની થેલીઓ બનાવડાવી તેનું શહેરમાં વિતરણ કરાશે.' આ બાબત સમગ્ર ઈવેન્ટને 'ગ્રીન રાત્રી' બનાવશે.




શહેરમાં ધામધૂમથી દશેરાની ઉજવણી કરવામાં આવી હતી. જીઈબી કોલોની ખાતે ૧૫ ફૂટ ઉંચા તથા ૧૦ ફૂટ પહોળા રાવણના પૂતળાનું દહન કરવામાં આવ્યું હતું. થર્મલ પાવર સ્ટેશનના વડા તથા જીઈબી રીક્રીએશન કલબના પ્રમુખ પી.કે. મેરત તથા સેક્રેટરી એમ.આર. પંડયા આ અવસરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# મહાત્મા મંદિર પાસે બાઈક પરથી પડી ગયેલી પરિણિતાનું મૃત્યુ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૧૪ હાઉસીંગ બોર્ડમાં રહેતા પતિ-પત્ની બાઈક પર નવરાત્રી જોવા માટે જઈ રહ્યા હતા તે સમયે બાઈક પરથી નીચે પટકાયેલી પરિણિતાનું સારવાર દરમિયાન મૃત્યું થયું છે. સેકટર-૧૪ હાઉસીંગ બોર્ડમાં રહેતી પરિણિતા પાંચ દિવસથી અમદાવાદ સિવિલમાં સારવાર લઈ રહી હતી. ઘટનાની વિગત મુજબ સે-૧૪ હાઉસીંગ બોર્ડના મકાનનં.૧૨ રૂમનં.૧૪૪ ખાતે રહેતા યુવક વસંત અળખાજી નિનામા તા.૫ ઓકટોબરના રોજ પત્ની સાથે સેકટર-૫ ખાતે નવરાત્રી જોવા માટે ઘરેથી નીકળ્યો હતો. રાત્રે સવા નવ વાગ્યાના અરસામાં મહાત્મા મંદિર પાસે તેની પત્ની આરતી ઉં.૨૬ અચાનક બાઈક પરથી પડી ગઈ હતી. જેમાં આરતીને માથાના ભાગે ઈજા પહોંચી હતી. જેથી તેણીને તાત્કાલીક પહેલા ગાંધીનગર સિવિલ અને ત્યારબાદ વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ જવામાં આવી હતી.બેભાન અવસ્થામાં એડમીટ કરવામાં આવેલ આરતીને ભાન જ નહોતુ આવ્યું અને પાંચ દિવસ બાદ તા. ૯ ઓકટોબરના રોજ વહેલી સવારે તેણીનું મૃત્યું નિપજયું હતું. જે અંગે પરિણિતાના સસરાની ફરીયાદને પગલે સે-૭ પોલીસે પતિ સામે બેદરકારીથી વાહન ચલાવવાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે મૃતક યુવતિ કલાલ ખાતે રહેતા રામાજી ખુમાજી અંસારીની દિકરી હતી અને જેના લગ્ન મે માસમાં જ થયા હતા.



નવરાત્રી દરમિયાન આઠમને દિવસે સે-૩ ન્યુ ખાતે ૧૦૮ દિવડાની મયુર આરતી સાથે ૧૦૦૦ દીવડાની મહાઆરતી ખેલૈયાઓ દ્વારા કરવામાં આવી હતી.આ ઉપરાંત સે-૩ ન્યુ નવરાત્રિ મહોત્સવ સમિતિ દ્વારા મહાપ્રસાદ રાખવામાં આવ્યો હતો.

# શહેરમાં આર.એસ.એસ. દ્વારા પથ સંચલન યોજાયું





ગાંધીનગર, તા.૯

'વિજયાદશમી પર્વ' એટલે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો સ્થાપના દિવસ. આ દિવસે એટલે કે તા. ૮ ઓકટોબર ૨૦૧૯ના રોજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગાંધીનગર દ્વારા સેક્ટર- ૨૩ ખાતે 'સાર્વજનિક વિજયાદશમી ઉત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૪થી વધુ સ્વયંસેવકો દ્વારા ચાર-ચારની જોડીમાં પૂર્ણ ગણવેશમાં શિસ્તબદ્ધ રીતે સેક્ટર ૨૩, ૨૪ અને ૨૭ માં અંદાજે ૩ થી ૪ કિલોમીટરનું પથ સંચલન- પરેડ યોજવામાં હતી. જેમાં ગાંધીનગર નગર, પેથાપુર, વાવોલ, કુડાસણ, સરગાસણ, ઉવારસદ, અડાલજ, કોબા અને ધોળેશ્વરના બાલ અને તરૂણ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.

સાંજે ૪.૪૫ કલાકે સેક્ટર- ૨૩ના બગીચા પાસે યોજાયેલા આ કાર્યક્રમમાં ૧૭૬ જેટલા સ્વયંસેવકો દ્વારા સમતા, સંચલન, આસનો, યોગાસન, દંડ યોગ તેમજ દંડ-લાઠીના વિવિધ પ્રયોગો રજૂ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિજયાદશમી પર્વ નિમિત્તે કાર્યકર્તાઓ અને નગરજનો દ્વારા શસ્ત્ર પૂજન પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે વેટેરન, આઈ.એ. કર્નલ શ્રી વનરાજસિંહ જાડેજાએ તેમના લશ્કરી સેવાના અનુભવો જણાવીને સ્વયંસેવકો દેશની સીમાઓની રક્ષા માટે ભારતીય સેનાને કેવી રીતે મદદરૂપ થઈ શકે તે વિશે માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્ય વક્તા તરીકે વિશ્વ હિન્દુ પરિષદના ઉત્તર ગુજરાત પ્રાંતના સંગઠન મંત્રી શ્રી રાજેશભાઈ પટેલે વિજયાદશમી ઉત્સવ, સમાજ સામેના પડકારો તેમજ હિન્દુ સમાજના સંગઠનનું મહત્વ સમજાવીને તે દિશામાં સમાજની સાથે રહીને કાર્ય કરવા ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓને અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગુજરાત પ્રાંતના સંઘ સંચાલક ડો. ભરતભાઈ પટેલ, જિલ્લા સંચાલક શ્રી હર્ષદભાઈ પટેલ, નગર સંઘ સંચાલક શ્રી મનુભાઈ મોદી સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ તેમજ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરમાં ફટાકડાના વેપારનો હંગામી પરવાનો મેળવવા જોગ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર વિસ્તારમાં ફટાકડાનો હંગામી પરવાનો મેળવવા માટેના અરજી ફોર્મ નંબર- ૪ તા. ૯ થી ૧૬ ઓકટોબર, ૨૦૧૯ દરમ્યાન સવારના ૧૧.૦૦ થી ૫.૦૦ કલાક દરમ્યાન જન સેવા કેન્દ્ર, કલેકટર કચેરી, ગાંધીનગર ખાતેથી મળશે. ભરેલા ફોર્મ તા. ૧૮મી ઓકટોબર,૨૦૧૯ના ૫.૦૦ કલાક સુધી જનસેવા કેન્દ્ર, ગાંધીનગર ખાતે સ્વીકારવામાં આવશે, તેવું મામલતદારશ્રી, ગાંધીનગરે જણાવ્યું છે.

મામલતદારશ્રી, ગાંધીનગરે વધુમાં જણાવ્યું છે કે, હંગામી પરવાનાની અરજી ઉપર રૂ. ૩/- ની કોર્ટ ફી સ્ટેમ્પ લગાડવાની રહેશે. લાયસન્સ ફી રૂ. ૨૦૦/- + ૫૦૦/- = ૭૦૦/- સદર હેડ '૦૦૭૦', ઓ.એ.એસ.સી સદરે જનસેવા કેન્દ્રમાંથી મંજૂર કરાવી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અથવા બેંક ઓફ બરોડામાં ચલણથી જમા કરાવવાની રેહશે. જેની એક નકલ અરજી ફોર્મ સાથે બિડાણ કરવાની રહેશે. ખુલ્લા પ્લોટ માટે ભાડાની રકમ ગાંધીનગર શહેર માટે કાર્યપાલક ઈજનેર શ્રી પાટનગર યોજના વિભાગ-૧, ગાંધીનગર અથવા અધિક્ષક ઈજનેરશ્રી, પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર અથવા મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકાની કચેરી પૈકી જે કચેરીમાં ભાડુ વસુલ લેવામાં આવતું હોય તે કચેરીમાં જમા કરાવવાનું રહેશે. ગાંધીનગર શહેરમાં સરકારી ખુલ્લા પ્લોટ સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ અથવા અધિકક્ષ ઈજનેરશ્રી, ગાંધીનગર તફરથી નિયત કરવામાં આવે તે સેકટર માટે જ હંગામી લાયસંસ આપવાના છે. જેથી આ અંગેની વિગતો જાણી જે તે સેકટર પુરતી જ પ્લોટ મેળવવા માટે પસંદગી પ્રમાણે અરજી કરવાની રહેશે. પ્લોટની ફાળવણી ડ્રો ગાંધીનગર શહેર માટે કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ-૧, ગાંધીનગર અથવા અધિક્ષક ઈજનેરશ્રી, પાટનગર યોજના વર્તુળ, ગાંધીનગર અથવા મ્યુનિસિપલ કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી અથવા ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કરવામાં આવશે. જે પ્લોટ ફળવાશે તેમાં જ ધંધો કરવાનો રહેશે.